# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-10-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

- મહેસાણાના કડી પાસેના જાસલપુરમાં એક કંપનીની દિવાલ ધસી પડતા નવ મજૂરોનાં મોત અને એકનો બચાવ-પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રીએ શોક વ્યક્ત સહાયની જાહેરાત કરી..
- સમગ્ર રાજ્યમાં વિજયાદશમી નિમિત્તે મુખ્યમંત્રીએ શસ્ત્રપૂજન કર્યું ...રાજ્યભરમાં રાવણ દહનના કાર્યક્રમો..
- વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત મહેસાણામાં મંત્રી ઋષિકેશ પટેલે અને બળવંતસિહ રાજપૂતે પાટણમાં વિકાસકાર્યોનું લોકાર્પણ કર્યું..
- રાજ્યની પહેલી સહકારી સુપર માર્કેટ ગુજકો માર્ટનો અમદાવાદમાં પ્રારંભ થયો.
- રણજી ટ્રોફીની ઇલાઇટ ગૃપની મેચમાં બરોડાના બોલરો સામે મુંબઇની ટીમ ઘૂંટણીએ ... 214 રનમાં મુંબઇની ટીમ તંબુ ભેગી...

---------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# MAHESNA DURGHTNA

મહેસાણાના કડી તાલુકાના જાસલપુર ગામની સીમમાં આવેલી સ્ટીલ ઇનોકસ સ્ટેઇનલેસ કંપનીમાં  માટીની ભેખડ પડતા નવ મજૂરોના મોત થયા છે.જ્યારે એક મજૂરનો બચાવ થયો હતો.. સ્ટીલની કંપનીમાં 20 ફૂટ જેટલી મોટી ટાંકીનુ ચણતરનું કામ ચાલી રહ્યું હતું તે દરમિયાન અચાનક જ આ ઘટના ઘટી હતી.. ઘટનાની જાણ થતા જ ફાયરબ્રિગેડ અને પોલીસ ઘટના સ્થળે ધસી ગઇ હતી.. નવ મજૂરોના મૃતદહે બહાર કઢાયા હતા.જેમાં એક જ પરિવારના ચાર લોકોના મોત થયા હતા..આ તમામ મજૂરો પંચમહાલ જીલ્લાના રહેવાસી હતી..

દુર્ઘટનાની જાણ થતા જ રાજ્યના મુખ્યમંત્રીએ શોકની લાગણી વ્યક્ત કરીને મૃતકોના વારસદારોને ચાર- ચાર લાખની સહાયની જાહેરાત કરી છે. જ્યારે ઇજાગ્રસ્તને પચાસ હજારની જાહેરાત કરી છે.. આ દુખદ ઘટનાની માહિતી મળતા જ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દુખ વ્યક્ત કર્યું હતું. પ્રધાનમંત્રીએ મૃતકોના વારસદારને બે-બે લાખ રૂપિયા અને ઇજાગ્રસ્તને પચાસ હજાર રૂપિયા સહાય આપવાની જાહેરાત કરી છે.આ અંગે અમારા મહેસાણાના પ્રતિનિધિ જયંતિ ચૌધરીએ વધુ માહિતી આપી હતી..

**(બાઇટ- જયંતિ ચૌધરી-પ્રતિનિધી-મહેસાણા)**

# CM SHASTRPUJAN

રાજ્યભરમાં આજે અસત્ય પર સત્યના વિજય સ્વરૂપે દશેરા પર્વની ધાર્મિક આસ્થા અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિજયાદશમીના પર્વે શસ્ત્ર પૂજન કરીને શસ્ત્ર અને શાસ્ત્ર રક્ષાનું મહાત્મ્ય ઉજાગર કર્યું હતું. તેમણે આ પરંપરા અનુસાર મુખ્યમંત્રી નિવાસમાં સુરક્ષા-સલામતી રક્ષકોના શાસ્ત્રોક્ત વિધિથી શસ્ત્રોનું પૂજન

કર્યું હતું. તેમણે સુરક્ષા કર્મીઓને વિજયાદશમી પર્વની શુભકામનાઓ પણ પાઠવી હતી.

આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, ફરજ, કર્તવ્યભાવના સાથે કર્મબંધન જોડાયેલું છે. રક્ષા-સુરક્ષાનું દાયિત્વ નિભાવવા સાથો સાથ સંવેદના, કરુણા અને સતક્રમો થકી મોક્ષ પ્રાપ્તિનો વિચાર એ સાચી ભાવના હોવાનો તેમણે ઉલ્લેખ કર્યો હતો..

# DASHERA

રાજ્યભરમાં આજે અસત્ય પર સત્યના વિજય સ્વરૂપે દશેરા પર્વની ધાર્મિક આસ્થા અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. આજે વિજયાદશમી નિમિત્તે રાજ્યભરમાં અનેક સ્થળોએ રાવણ દહન, શસ્ત્રપૂજનનું આયોજન કરવામાં આવ્યું છે. સવારથી જ લોકો ફાફડા-જલેબીની જ્યાફત માણી રહ્યા છે. ફરસાણ અને મીઠાઈની દુકાનો ઉપર ભારે ભીડ જોવા મળી રહી છે. આ ઉપરાંત આજે લોકો નવા વાહનો તથા નવી ચીજવસ્તુઓની ખરીદી કરતાં નજરે પડયા હતા. તો ક્યાંક ક્યાંક લોકોએ જુના વાહનોને પણ પૂજા કરી હાર તોરા પહેરાવ્યા હતા.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતમાં તો ભાજપના ધારાસભ્ય રીવાબા જાડેજાએ જામનગરમાં વિજયાદશમી નિમિત્તે શસ્ત્રપૂજન કર્યું હતું.

અમદાવાદના પોલીસ કમિશનર જી.એસ. મલિકે વરિષ્ઠ પોલીસ અધિકારીઓની હાજરીમાં શાહીબાગ પોલીસ હેડક્વાર્ટર ખાતે શસ્ત્રપૂજન કર્યું..

સાબરકાંઠા,ભુજ, ભરૂચ અને બનાસકાંઠા પોલીસ હેડ ક્વાટર ખાતે શસ્ત્ર પૂજન કરાયું.

નર્મદા જીલ્લા પોલીસ વડા પ્રશાંત સુંબેએ વિધિવત શસ્ત્રપૂજન કર્યું હતું.

વલસાડ જિલ્લાના પોલીસ હેડ કવાટર્સ ખાતે પોલીસ વડા કરાનરાજ વાઘેલાએ શસ્ત્ર પૂજન કર્યું.તેમની સાથે ડીવાયએસપી સહિત અનેક પોલીસ અધિકારીઓ જોડાયા હતા.

સુરેન્દ્રનગર ખાતે જિલ્લા પોલીસ વડા ડો. ગીરીશ પંડ્યા અને પોલીસ અધિકારીઓ કર્મચારીઓએ શસ્ત્ર પૂજન કર્યું હતું.. કરણી સેના અને ક્ષત્રિય સમાજ સુરેન્દ્રનગર દ્વારા પણ વિજયાદશમી પર્વે શસ્ત્ર પૂજન અને શૌર્યયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું..

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના પોલીસ હેડક્વાર્ટર ખાતે પોલીસ વિભાગના વપરાશમાં આવતા હથિયારોનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું અને ત્યારબાદ પોલીસ અધિકારીઓ દ્વારા શસ્ત્રપૂજન કરાયું હતું.

નવસારી એસપી સુશીલ અગ્રવાલના હસ્તે શસ્ત્રોનું પૂજન કરવામાં આવ્યું છે.

કેબિનેટ મંત્રી રાઘવજી પટેલ અને પર્યાવરણ મંત્રી મુળુ બેરાની ઉપસ્થિતીમાં જામનગર જિલ્લામાં વિજયાદશમી ઉત્સવ કાર્યક્રમ યોજાયો.

## VIKAS SPTAH

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે મહેસાણા ખાતે વિસનગર નગરપાલિકાના ૧૪૧ કરોડ ૮૭ લાખના વિવિધ ૧૪ વિકાસકામોનું લોકાર્પણ ખાતમુહૂર્ત કર્યું. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે દરેક ઘર સુધી નળ દ્વારા જળ પહોંચે એટલે વિકાસ. આજે નલ સે જલ યોજના અંતર્ગત રાજ્યના દરેક પરિવારોને શુદ્ધ પીવાનું

પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે, તેમજ જ્યોતિગ્રામ જેવી યોજનાના માધ્યમથી ૨૪ કલાક વીજળીની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે. તો આરોગ્ય ક્ષેત્રે નાગરિકોની ચિંતા કરીને સરકારે આયુષ્માન ભારત જેવી કલ્યાણકારી યોજના અમલી બનાવી છે..

**(બાઇટ- ઋષિકેશ પટેલ-આરોગ્યમંત્રી)**

વિકાસ સપ્તાહ અંતર્ગત કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતે પાટણ જીલ્લામાં 50 કરોડ રૂપિયાના ૧૦૮ વિકાસકાર્યોનું લોકાર્પણ ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે તેમણે કહ્યું કે, વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા તેઓ મન-વચન અને કર્મથી પ્રતિબદ્ધ છે.

**(બાઇટ- બળવંતસિંહ રાજપૂત- કેબિનેટ મંત્રી)**

કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયા અને જિલ્લાના પ્રભારી મંત્રી ભાનુબેન બાબરીયાના હસ્તે ભાવનગર શહેર અને જિલ્લા ખાતે ૧૨૩ કરોડ ૭૨ લાખના વિવિધ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કાર્યક્રમ યોજાશે.

સુરતના ઓલપાડ ખાતે સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત ૨ કરોડ ૬૪ લાખના ખર્ચે મંજૂર થયેલ CCTV કેમેરા, પબ્લિક એનાઉસમેન્ટ સિસ્ટમ તેમજ સ્ટ્રીટ લાઈટ સહિતના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ વન, પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

કચ્છના સ્મૃતિવન અને ક્રાંતીતીર્થ માંડવી ખાતે શેઠ એસ.વી. આર્ટસ એન્ડ કોમર્સ કોલજ માંડવી- કચ્છના એન. એસ.એસ.ના વિદ્યાર્થીઓએ શ્યામજી કૃષ્ણવર્મા મેમોરિયલની મુલાકાત લીધી હતી.

ભુજ નગરપાલિકા દ્વારા ટાઉનહોલની દીવાલોને વિવિધ થીમ આધારીત ભીંતચિત્રોથી સજાવાઇ છે. આ ભીંતચિત્રોમાં ભારત, ગુજરાત તથા કચ્છના પ્રખ્યાત સ્થળોની ઝાંખી તથા દેશની વિવિધ સિદ્ધિઓને કંડારેલી જોઇ શકાય છે.

ભીંતચિત્રોમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી, મેટ્રો ટ્રેન, ભુજ સ્વામીનારાયણ મંદિર, દેશના બંદરો, ગિરનારની રોપ-વે, સફેદ રણ, સ્મૃતિવન, ક્રાંતિતીર્થ, સોલાર પાર્કને નિહાળી શકાય છે.

ગીર સોમનાથ ખાતે વિકાસ સપ્તાહ અંતર્ગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ઉદ્યોગકારો સાથે ટૉક શો યોજાયો અને સરકારની વિવિધ પોલિસીઓ, માલ-સામાન એક્સપોર્ટ વગેરે મુદ્દાઓ પર સંવાદ થયો હતો.

ડાંગના આહવા તાલુકાના ૬૭, વઘઇના ૫૪, અને સુબીરના કુલ ૫૮ કામો મળી ૫ કરોડથી વધુના વિકાસકામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કાર્યક્રમ યોજાયો..

# GUJCOMAOL STORE

રાજ્યની પહેલી સહકારી સુપર માર્કેટ ગુજકો માર્ટનો અમદાવાદમાં પ્રારંભ થયો છે.. ગુજરાત કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન, ગુજકોમાસોલ દ્વારા ગુજરાતના પ્રથમ સહકારી મોલ 'ગુજકો માર્ટ'ને આજે ખુલ્લુ મુકાયું હતું.. અમદાવાદના સાયન્સ સિટિ રોડ ઉપર શરૂ થયેલા આ સ્ટોરનું ઉદઘાટન ઇફ્કોના ચેરમેન દિલીપ સાંઘાણી તેમજ ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંકના ચેરમેન અજય પટેલ દ્વારા કરાયું હતું.. વિકાસ સપ્તાહ દરમિયાન ગુજરાતમાં સહકારી સુપર માર્કેટ રિટેલ ચેઇનના વિકાસની દિશા ખૂલી છે..

આ નવી પહેલે ખેડૂતોની આવક બમણી કરવા માટે સહકારથી સમૃદ્ધિ સાધવાનો, ઓર્ગેનિક ધાન્ય, મીલેટને પ્રોત્સાહન આપવાનો તેમજ આત્મનિર્ભરતાનો રાહ ચીંધ્યો છે.. આ સ્ટોરને કારણે ઓર્ગેનિક ફાર્મ પ્રોડક્ટના માર્કેટિંગ અને સેલિંગ માટેનું એક કોમન પ્લેટફોર્મ ગુજકો માર્ટના માધ્યમથી ખેડૂતોને મળ્યુ છે. નાનાં- મોટાં નગરો અને મહાનગરોમાં સારા લોકેશન પર

ગુજકો માર્ટ સુપર માર્કેટ શરૂ કરવાનું પણ ગુજકોમાસોલ દ્વારા આયોજન કરાયુ છે.

# RANJI TROPHY

રણજી ટ્રોફીની ઇલાઇટ સિઝનમાં રમાઇ રહેલી વડોદરાની મેચમાં બરોડાની ટીમ મજબૂત સ્થિતિમાં છે.. પહેલી ઇનિગમાં 290 રનના સ્કોર સામે મુંબઇની ટીમ વડોદરાની ટીમના બોલરો સામે ઘૂંટણીએ પડી ગઇ હતી. ભાર્ગવ ભટ્ટે ચાર, આકાશસિંઘે ત્રણ અને મહેશ પિઠીયાએ બે વિકેટ ઝડપતા મુંબઇની ટીમ 214માં ઓલઆઉટ થઇ ગઇ હતી.. બરોડાની ટીમે 76 રનની સરસાઇ મેળવી હતી બીજા દિવસની રમતના અંતે વડોદરાએ વિના વિકેટે નવ રન બનાવ્યા છે.

જ્યારે સિકંદરાબાદમાં રમાઇ રહેલી ગુજરાત અને હૈદ્રાબાદની મેચમાં ગુજરાતના 343 રનના જવાબમાં બીજા દિવસની રમત બંધ રહી ત્યારે સાત વિકેટ ગુમાવીને 222 રન કર્યા હતા હજુ હૈદ્રાબાદની ટીમ ગુજરાતથી 121 રન પાછળ છે.

કોઇમ્બતુરમાં રમાઇ રહેલી સૌરાષ્ટ્ર અને તામિલનાડુની મેચમાં સૌરાષ્ટ્રના 203 રનના જવાબમાં તામિલનાડુએ ત્રણ વિકેટના ભોગે 278 રન બનાવીને 75 રનની સરસાઇ હાંસલ કરી હતી.

# MORBI- DRONE DIDI

સરકારે ડ્રોન દીદી યોજના શરૂ કરીને મહિલાઓને આર્થિક પગભર બનાવ્યા છે અને ખેતીમાં ડ્રોન ટેક્નોલોજીનો ઉપયોગ કરીને આજની મહિલા સશક્ત તથા આત્મનિર્ભ બની રહી છે. ત્યારે મોરબીના મનિષાબેન રાંકજાએ ખેતીના વ્યવસાયમાં જોડાઈને ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરી ડ્રોન દીદી તરીકેની નામના મેળવી છે. તેમણે કહ્યું કે, સરકાર દ્વારા વડોદરા ખાતે ૧૨

દિવસની ડ્રોન ઓપરેટ કરવાની નિશુલ્ક તાલીમ આપવામાં આવી હતી, જ્યાં ટ્રાન્સપોર્ટેશન, રહેવા તથા જમવાની વ્યવસ્થા પણ સરકાર દ્વારા કરવામાં આવી હતી અને પરીક્ષામાં પાસ થયા બાદ સરકાર દ્વારા સાત લાખ કિંમતની ડ્રોન સિસ્ટમ વિનામૂલ્ય આપવામાં આવી હતી.

વધુમાં તેમણે આ મુજબ જણાવ્યું..

**(બાઇટ- મનીશા રાંકજા- લાભાર્થી)**